મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા
ભાવનગર-રાજકોટ હાઇવે, મું.તા.બાબરા, જિ.અમરેલી
ફોન નં.૦૨૭૯૧-૨૩૩૪૨૨
E-mail:- mam-babra@gujarat.gov.in

સત્યમેવ જયતે

નં.જમન/વશી/૭૫/૨૦૨૫ તા.૨૧/૦૧/૨૦૨૫

પ્રતિ,

શ્રી નાયબ કલેક્ટર સાહેબ,

લાઠી.

વિષય :- <u>પવનચક્કી ઉભી કરવામાં થતા નુક્શાન બાબત.</u>

સંદર્ભ :- (૧) શ્રી નિવાસી અધિક કલેક્ટર સાહેબ, અમરેલીના પત્ર નં.ચિ/જમન/૩/વશી/૯૯૨૧/૨૦૨૪, તા.૩૦/૧૨/૨૦૨૪.

(૨) આપ સાહેબના પત્ર નં.જમન/વશી/૦૨૭/૨૦૨૫, તા.૦૯/૦૧/૨૦૨૫.

સવિનય,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, માન. મંત્રીશ્રી જળસંપતિ અને પાણી પુરવઠા, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક
સુરક્ષા, ગાંધીનગર દ્વારા તા.૧૧/૧૨/૨૦૨૪નાં પત્રથી અત્રેના તાલુકાનાં પ્રવાસ દરમિયાન તેઓશ્રી સમક્ષ થયેલ રૂબરૂ રજૂઆત મુજબ બાબરા
તાલુકાના મોજે- ચમારડી ગામે પવનચક્કી ઉભી કરવામાં થયેલ નુક્સાનો અને ખેડુતોને એજન્સીઓ દ્વારા કરવામાં આવતી હેરાનગતી અને સરકારી
મિલ્કતોને થતી નુકશાની અટકાવવા અને જે નુકસાન થયુ છે તેના મરામતની કામગીરી લગત એજન્સી પાસેથી કરાવવા જરૂરી તપાસ કરી જવાબદારો
સામે નિયમોનુસાર પગલા ભરવા બાબતે તેમજ આ અંગે વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ સમાચારોનાં અહેવાલ સહની માન.મંત્રીશ્રીના
તા.૧૧/૧૨/૨૦૨૪ના પત્રથી રજૂઆત કરવામાં આવેલ છે. જે અન્વયે સર્કલઓફિસરશ્રી, બાબરા તથા રેવન્યુ તલાટીશ્રી, ચમારડી દ્વારા રજૂ થયેલ
અહેવાલની વિગતે હકિકત નીચે મુજબ છે.

ઉપરોક્ત વિગતે જરૂરી સ્થળ તપાસ કરી કરવામાં આવેલ પંચરોજકામની વિગતે, બાબરા તાલુકાના મોજે- ચમારડી ગામના સરકારી પડતર
સ.નં.૩૭૭ પૈકીની બાબરા-વાસાવડ રોડની દક્ષિણ દિશા તરફ આવેલ સરકારી પડતર જમીનમાં તળાવ આવેલું છે. સદર તળાવની પૂર્વ દિશા તરફના
પાળા પર હાઇટેક કંપની દ્વારા કુંવરગઢ ૬૬ કે.વી. તરફ પસાર કરવામાં આવેલ વીજલાઇનના પોલ સદર તળાવના પાળા ઉપર ઉભા કરવામાં આવેલ
હોવાનુ જણાય છે, આ વીજલાઇન ઉભી કરવા માટે તળાવના પાળાને નુક્સાન કરેલ છે તથા પાળા પરથી માટી તથા પાળાના કાંઠે બાવળો દૂર કરી
રસ્તો બનાવેલ હોવાનુ પંચોએ જણાવેલ છે. જે અંગે થયેલ પંચરોજકામની નકલ આ સાથે સામેલ છે. તેમજ અરજદારશ્રીઓ દ્વારા તેઓના રૂબરૂ
નિવેદનમાં જણાવેલ છે વિગતે તેઓની રજૂઆત મુજબ તળાવનો પાળો ઉંચો કરવામાં આવે જેથી પાળાને અડીને આવેલ ખેડુતોના ખેતરોમાં પાણી
ભરાઇ જવાની સમસ્યાનો સામનો ન કરવો પડે તથા ખેતરના પાકને થતું નુક્સાન અટકાવી શકાય. જે અન્વયે અરજદારશ્રીઓ દ્વાર તળાવનો પાળો
ઉંચો કરી આપવાની રજૂઆત અંગે અત્રેથી કંપનીના અધિકૃત વ્યક્તિને રૂબરૂ બોલાવી તળાવનો પાળો ઉંચો કરી જરૂતી મરામત કરવા અંગે સમજુત
કરવામાં આવશે. જે આપ સાહેબને વિદિત થવા વિનંતી છે.

મામલતદાર બાબરા

બિડાણ:- ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) શ્રી કલેક્ટર સાહેબ, અમરેલી તરફ જાણ થવા વિનંતી સહ.

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) અંગત સચિવશ્રી માન.મંત્રીશ્રી, જળ સંપતિ અને પાણી પુરવઠા અને ગ્રાહક સુરક્ષાનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ- ૧, બીજો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

ature Not Verified

જા.નં.૦૮/૨૫

રેવન્યૂ તલાટી

ચમારડી

તા:૧૦/૦૧/૨૫

પ્રતિ,

શ્રી મામલતદાર સાહેબ,

બાબરા.

વિષય:<u>પવનચક્કી ઉભી કરવામાં થતા નુકશાન બાબત</u>

અનુ.: આપ સા.ના શેરા પત્ર નં. જમન-વશી-૨૯-૨૫ તા.૦૭-૦૧-૨૫

સવિનય,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે આપ સાહેબના સંદર્ભિત પત્ર નં.જમન-વશી-૨૯-૨૫
તા.૦૭-૦૧-૨૫થી માનનીય મંત્રીશ્રી જળસંપતિ અને પાણી પુરવઠા, અન્ન નાગરિક પુરવઠા અને
ગ્રાહક સુરક્ષા, ગાંધીનગર દ્વારા તા.૧૧-૧૨-૨૦૨૪ના પત્રથી તેઓના બાબરા તાલુકાના પ્રવાસ
દરમિયાન તેઓ સમક્ષ થયેલ રજૂઆત મુજબ બાબરા તાલુકાના ચમારડી ગામે પવનચક્કી ઉભી
કરવામાં થયેલ નુકશાનો અને ખેડૂતોને એજન્સીઓ દ્વારા કરવામાં આવતી હેરાનગતિ અને સરકારી
મિલ્કતને થતી નુકશાની અટકાવવા અને જે નુકશાન થયું છે તેના મરામતની કામગીરી લગત
એજન્સી પાસેથી કરાવવાની રજૂઆત કરેલ છે જે અન્વયે સ્થળ ખરાઈ કરતાં ચમારડી ગામના
રેવન્યૂ સ.નં.૩૭૭પૈની બાબરા-વાસાવડ રોડની દક્ષિણ દિશા તરફ આવેલ સરકારી પડતર
જમીનમાં તળાવ આવેલુ છે જે તળાવના પૂર્વ દિશા તરફના પાળા પર હાઈટેક કંપની દ્વારા
કુંવરગઢ ૬૬ કે.વી. તરફ પસાર કરવામાં આવેલ વીજ લાઈનના પોલ સદર તળાવના પાળા પર
ઉભા કરવામાં આવેલ છે જે પાળાને પહોળો કરી માટી તેમજ પથ્થર કાઢી રસ્તો બનાવેલ છે જે
અંગેનું સ્થળ સ્થિતિનું રોજકામ પેટામાં સામેલ રાખેલ છે જે આપ સાહેબને વિદિત થાય.

મામલતદાર કચેરી-બાબરા
ઇનવર્ડ નંબર: ૭૭૪
દફતર:
10 JAN 2025
મામલતદાર
ના.મામ.(મહે.)

વશી ૭૧

રેવન્યૂ તલાટી
ચમારડી

સર્કલ ઓફિસર
બાબરા

અરજદાર: દયાળભાઈ કાનજીભાઈ અસલાલીયા વિગેરે

મુ.ચમારડી, તા.બાબરા, જી.અમરેલી

તારીખ : ૦૯/૧૨/૨૦૨૪

મો.નં. ૯૯૦૯૨૦૦૮૩૩

પ્રતિશ્રી,

મામલતદાર સાહેબશ્રી,

મામલતદાર કચેરી, બાબરા.

૬૬૬૨૨૫ વિષય :- કોન્ટ્રાકટર રાકેશભાઈ ડેર અને તેના માણસો દ્વારા ઓટુ પવનચક્કીના પ્રોજેકટ અંતર્ગત મોજે ગામ ચમારડીથી કુંવરગઢ વચ્ચે રહેલ તળાવનો પૂર્વ તરફનો પાળો (બંધારો) તોડીને ગેરકાયદેસર રીતે સિંગલ પોલની લાઈન નદી અને ખેડુતોના નિકાલના વહેણમાં તેમજ તળાવનો પૂર્વ દિશા તરફનો પાળો ગેરકાયદેસર રીતે ખોદીને, તોડીને પોલ ઉભા કરી પવનચક્કીની હેવી વીજ લાઈન પસાર કરતા હોય તેને તળાવનો પાળો તોડતા અને વીજ પોલ ઉભા કરતા અટકાવવા અંગે અરજ

કલેક્ટર કચેરી-અમરેલી
9 - DEC 2024

જય ભારત સાથ ઉપરોક્ત વિષયના અનુસંધાને આપ સાહેબને અમો નીચે સહી કરનાર અરજદારોની નમ્ર અરજ છે કે,

અમો અરજદારો બાબરા તાલુકાનાં ચમારડી ગામે રહીને ખેતીકામ કરીને અમારું તથા અમારા પરીવારનું ગુજરાન ચલાવીએ છીએ. હાલમાં ચમારડી ગામે ઓટુ વીંડ ફામ પ્રોજેકટ અંતર્ગત પવનચક્કી ઉભી કરવામાં આવેલ છે. આ પવનચક્કીમાં ઉત્પન્ન થતો પાવર વીજ પોલ ઉભા કરીને ગામ કુંવરગઢ થી આવીને ચમારડી તળાવના પાળામાં થઈને બાબરા-વાસાવડ રોડે બાબરા બાજુ જાય છે. આ વીજ લાઈનો પસાર કરવા સિંગલ પોલ ઉભા કરવાની કામગીરી કોન્ટ્રાકટર રાકેશભાઈ ડેર તથા તેના માણસો દ્વારા કરવામાં આવી રહેલ છે. આ સિંગલ પોલ ઉભા કરવા માટે કોન્ટ્રાકટર રાકેશભાઈ ડેર ના માણસો કાયદા અને નિયમો વિરુદ્ધ તેમજ સરકારી ધારાધોરણ અને જોગવાઈઓનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે પાણી ભરેલા તળાવનો પાળો આશરે ૧-મીટર ઉંડો અને ૧૦૦ મીટર જેટલો લાંબો ફોળીને ~~તોડી~~ નાખેલ છે. અને આ પાળામાં પથ્થરો થાપેલા હતા તે પથ્થરો કાઢીને પાળાની બાજુમાં ફેંકી દીધેલ છે. તેમજ આ પાળાની બાજુમાં આવેલ સળંગ થોરની વાડ માથે વાહનો હંકારીને ભાંગી નાખેલ છે. અને અમુક થોરની વાડ કાઢી નાખેલ છે. તળાવનો પાળો અને ખેડુતોની વાડ બળજબરીથી ખોટી રીતે તેમજ ખેડુતોને ધાક-ધમકી આપીને વીજ પોલો ઉભા કરી લેવાની નેમ ધરાવીને ગેરકાયદેસર કૃત્ય કરી તળાવનો પાળો અને વાડ તોડી નાખવા તત્પર બનેલ છે. અને પૂર ઝડપે વીજ પોલો ઉભા કરવાની કામગીરી કરવા લાગેલ છે.

આ પાણી ભરેલા તળાવમાં તળાવ હાલમાં પાણીથી ભરેલ હોવા છતાં તળાવનો પૂર્વ તરફનો પાળો તોડવાની કામગીરી હાલમાં ચાલુ છે. તેમના આવા ગેરકાયદેસરના કૃત્યથી ચમારડી ગામના આશરે 30 જેટલા ખેડુતોની આશરે ૭૦૦-વીઘા જેટલી ખેતીની જમીનોમાં ધોવાણ થાય તેમ છે. અને ઉભો પાક બળી જાય તેમ છે. જેથી ન્યાયના હિતમાં તત્કાલીક ધોરણે આ પાણી ભરેલા તળાવનો પૂર્વ દિશાનો પાળો ખોટી રીતે તોડતા કોન્ટ્રાકટરને તથા તેના માણસોને અટકાવવા પાત્ર છે.

નં.ચિ/જમન/ 3/ વશી/ ૬૭૦૧/૨૦૨૪
કલેક્ટર કચેરી-અમરેલી.
તા:-૧૧/ ૧૨ /૨૦૨૪.

પ્રતિ, મામલતદાર શ્રી, બાબરા તરફ - - -
અરજદારની અરજી અંગે તપાસ કરી ઘટીત કાર્યવાહી
હાથ ધરી નિકાલ કરવા સાધનિક કાગળો તૈયાર કરી
આપના સ્પષ્ટ અભિપ્રાય સહની દરખાસ્ત પ્રાંત
અધિકારીશ્રી મારફતે મોકલી આપવા વિનંતી છે.

કલેક્ટર અમરેલી વતી

17/12

મામલતદાર કચેરી-બાબરા
દફતર નંબર: [illegible]
રજીસ્ટર:
3202410755806
21 DEC 2024
ના. મામ. (મહે.) — મામલતદાર
21/12

વ.શ.-૨૩૨૬

નં. જમન/વશી/ ૨૩૨૬ /૨૦૨૪
મામલતદાર કચેરી બાબરા.
તા.૨૪/ ૧૨ /૨૦૨૪

પ્રતિ,
રેવન્યુ તલાટીશ્રી ___ અમરેલી ___ તેમ
ઉ અરજદારની અરજી અન્વયે તપાસ કરી જરૂરી
કાગળો તૈયાર કરી સ.ઓ.શ્રી બાબરા મારફતે અભિપ્રાય
સહ તા. ૩૧/૧૨/૨૪ સુધીમાં કચેરીમાં પરત કરવા
સારૂ

મામલતદાર-બાબરા